# કેજરીવાલે ધરણાનો આખરે અંત આણ્યો



**જીત થયાનો દાવો કરાયો : ભારે અંધાધૂંધી વચ્ચે પ્રતિબંધાત્મક આદેશોના ભંગ બાદ લાઠીચાર્જ : દેખાવના બીજા દિવસે અગાઉ ભારે અરાજકતા-અંધાધૂંધી સર્જાઈ : પોલીસના લાઠીચાર્જમાં અનેકને ઈજા : ઉપરાજ્યપાલની વિનંતી બાદ ધરણાનો અંત**

નવી દિલ્હી,તા.૨૧

દિલ્હીના મુખ્યમંત્રી અને આમ આદમી પાર્ટીના નેતા અરવિંદ કેજરીવાલે આજે મોડી સાંજે તેમના રેલવે ભવન ખાતેના ધરણા પ્રદર્શનનો અંત આણી દીધો હતો. ઉપરાજ્યપાલ નજીબ જંગ દ્વારા વિનંતી કરાયા બાદ ધરણાનો અંત કરાયો હતો. કેજરીવાલે કહ્યુ હતુ કે તેમની જીત થઈ છે. કેજરીવાલે કહ્યુ હતુ કે તેમની માંગણી મુજબના પોલીસને રજા પર મોકલી દેવામાં આવ્યા છે. કેજરીવાલે લોકોને જે તકલીફ થઈ તે બદલ દુઃખ વ્યક્ત કર્યુ હતુ. અગાઉ રેલ ભવન ખાતે ધરણા પ્રદર્શન આજે બીજા દિવસે પણ જારી રહેતા ભારે અરાજકતા સર્જાઈ ગઈ હતી. કેજરીવાલના ધરણાના બીજા દિવસે આમ આદમી પાર્ટીના સમર્થકો અને દિલ્હી પોલીસ વચ્ચે જોરદાર ઝપાઝપી થઈ હતી. પ્રતિબંધાત્મક આદેશોને આમ આદમી પાર્ટીના કાર્યકરોએ ભંગ કરીને રેલવે ભવન તરફ કૂચ કરવાના પ્રયાસ બાદ પોલીસને જોરદાર લાઠીચાર્જ કરવાની ફરજ પડી હતી. લાઠીચાર્જમાં અનેક લોકો ઈજા થઈ હતી. ઈજાગ્રસ્તોને હોસ્પિટલમાં પણ ખસેડવામાં આવ્યા હતા. તીવ્ર અરાજકતાની સ્થિતિ વચ્ચે કેજરીવાલે તેમના દેખાવો જારી રાખ્યા હતા જો કે મોડેથી કેજરીવાલે તેમના ધરણાનો અંત આણ્યો હતો. બીજી બાજુ પોલીસે ચારે બાજુ મોરચા સંભાળીને એકત્રિત થયેલા લાખોની સંખ્યામાં કાર્યકરો અને આમ આદમી પાર્ટીના લોકોને કાબૂમાં લીધા હતા. પોલીસના તીવ્ર લાઠીચાર્જથી આમ આદમી પાર્ટીના કાર્યકરોમાં નારાજગી જોવા મળી હતી. મળેલી માહિતી મુજબ

● અનુસંધાન પાન-૭ પર


**આપણું પોતાનું અખબાર**

વતન પ્રત્યે ઋણ યાદ રહે તથા પ્રેમ રાખીએ એ પણ એક ઇમાનદારી છે
- કુરાન

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૩૧૧ | ૨૨ જાન્યુઆરી, ૨૦૧૪, બુધવાર; પોષ વદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## NEWS બિટ્સ

**રાષ્ટ્રપતિ દિલ્હી સરકારને બરતરફ કરે : કિરણ બેદી**

કેજરીવાલ સરકાર અરાજકતા ફેલાવી રહી છે તેવા



આક્ષેપ સાથે ભૂતપૂર્વ આઈપીએસ અધિકારી કિરણ બેદીએ દિલ્હી સરકારને બરતરફ કરવાની માંગ કરી છે. તેઓએ જણાવ્યું છે કે દિલ્હી સરકાર આવી રીતે માર્ગો પર ઉતરીને અરાજકતા ફેલાવે છે. આથી રાષ્ટ્રપતિએ આ સરકારને બરતરફ કરવી જોઈએ.

**આમિરે બુક કરાવી બુલેટપ્રુફ મર્સિડીઝ**

ધુમ-૩ની સફળતા બાદ આમિરખાન હાલમાં સાતમા આસમાને વિહરી રહ્યો છે. ઋતીક રોશનના પગલે આમીરે હાલમાં



જ પોતાના માટે બુલેટપ્રુફ નવી મર્સિડીઝ બેન્ઝ ઈ કલાસ બુક કરાવી છે. આમીરને આ કારની ડિલિવરી પોતાના બર્થ ડેના એક દિવસ પછી મળશે. આમીરનો બર્થ ડે ૧૪મી માર્ચે છે તેની કિંમત આશરે ૪૯.૯૦ લાખ રૂપિયા છે.

**ચાર લાખની સાયકલ**

અમેરિકાની એક સાયકલ બનાવતી કંપનીએ બડબિટ્ઝ એફટીબી નામની એક યુનિક પ્રકારની સાયકલ બનાવી છે. જેમાં ટાઈટેનિયમ ધાતું પોલિશ લગાવવામાં આવ્યું છે. આ સાયકલમાં ૧૫ સ્પીડ ગીયર છે અને તેને બરફ પર પણ ચલાવી શકાય છે. આ સાયકલની કિંમત આશરે ૭૦૦૦ ડૉલર એટલે કે રૂ. ૪,૩૦,૭૮૦ રૂપિયા છે.

**જયલલીતા માત્ર રૂ. ૧ પગાર મેળવે છે**

પોતાને રાજયના સેવક ગણાવતા વિવિધ રાજયોના મુખ્યમંત્રીઓ વ્યાપક સુવિધા વૈભવની સાથે તગડો પગાર પણ મેળવે છે. પંજાબના મુખ્યમંત્રી પ્રકાશસિંગ બાદલ વર્ષે



૧૨ લાખનો સૌથી ઉંચો પગાર મેળવે છે તો ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીનો આ બાબતે છઠ્ઠો ક્રમ છે. તેઓ વર્ષે રૂ. ૭૦૨૨૬૦નો પગાર મેળવે છે જયારે તામિલનાડુના મુખ્યમંત્રી સુશ્રી જયલલીતા વર્ષે રૂ.૧નો ટોકન પગાર જ લે છે.

# ગાંધીનગરમાં ભરશિયાળે ચોમાસાનો માહોલ

**રાત્રે ૩.૩૦ કલાકે હળવું ઝાપટું અને સવારે ૯.૧૫ કલાકે પણ છાંટા પડ્યા : નગરમાં ૩ મી.મી. વરસાદ નોંધાયો : છેલ્લા તેર વર્ષમાં પહેલી વખત જાન્યુઆરીમાં માવઠુ**

ગાંધીનગર, તા. ૨૧

વાતાવરણમાં અચાનક પલ્ટો આવતા ગાંધીનગરમાં ચોમાસુ માહોલ છવાયો છે. મોડીરાત્રે જોરદાર વરસાદી ઝાપટુ પડતા શહેર પાણી પાણી થઈ ગયુ હતું. માવઠુ,. ધુમ્મસ અને વાદળછાયા વાતાવરણના કારણે શહેર જાણે હિલસ્ટેશનમાં ફેરવાયુ હતુ. છેલ્લા બાર વર્ષ દરમ્યાન પહેલીવાર જાન્યુઆરી માસમાં માવઠુ પડ્યું છે.

ગઈકાલે સાંજે આકાશમાં ઘેરાઈ આવેલા વાદળો મોડી રાત્રે વરસ્યા હતા. મોડીરાત્રે લગભગ ત્રણ થી સાડાચાર વાગ્યાના ગાળામાં શહેરમાં જોરદાર વરસાદી ઝાપટુ પડ્યું હતું. સવારે ઉઠીને બહાર નજર કરનાર વસાહતીઓ વરસાદી માહોલ જોઈ ચકીત થઈ ગયા હતા. ભરશિયાળે ચોમાસા જેવો જ માહોલ ઉભો થતા ઘણાને આશ્ચર્ય થયું હતું. સવારે સૂર્ય જોવા જ ન મળે તેવા કાળા વાદળો છવાયા હતા. લગભગ નવેક વાગે પુનઃ જોરદાર વરસાદી ઝાપટુ પડ્યું હતું.

ઓફિસ જતા કર્મચારીઓ અને શાળાએ જતા બાળકો અટવાયા હતા. ઠેર ઠેર પાણીના ખાબોચિયા ભરાઈ ગયા હતા. આખો દિવસ આકાશમાં વાદળો ઘેરાયેલા રહ્યા હતા. સાથે જ ધુમ્મસ પણ રહ્યું હતું. જરાય તડકો ન નીકળતા મહત્તમ તાપમાન પણ નીચુ રહ્યું હતું. આજે મહત્તમ તાપમાન ૨૪.૫ ડિ.સે. અને લઘુત્તમ તાપમાન ૧૮.૨ ડિ.સે. રહ્યું હતું. ઉત્તર ગુજરાત સહિત સમગ્ર રાજ્યમાં વાતાવરણ પલ્ટાયેલુ છે. મધ્ય ગુજરાતના કેટલાક ભાગોમાં તો એકથી બે ઈંચ જેટલો વરસાદ પડ્યો હતો. રાજસ્થાનથી લઈને ગુજરાતના સમુદ્ર કિનારા સુધી બે કિલોમીટરની ઉંચાઈએ અપર એર સાયક્લોનની સ્થિતિ સર્જાઈ છે. જેના કારણે રાજ્યભરમાં વાદળછાયુ વાતાવરણ છવાયું છે. ગુજરાત-રાજસ્થાન ઉપરાંત દેશના ઉત્તર અને પશ્ચિમ ક્ષેત્રમાં વાદળો છવાયા છે અને ઠેર ઠેર વરસાદી ઝાપટા પડ્યા છે. જો ભેજનું પ્રમાણ વધતે તો હજુ એકાદ-બે દિવસ ઝાપટા પડવાની સંભાવના હવામાન વિભાગે વ્યક્ત કરી છે. જ્યારે ભેજનું પ્રમાણ સવારે ૯૪ ટકા અને સાંજે ૭૪ ટકા રહ્યું હતું.



## કમોસમી વરસાદે લગ્નના રંગમાં ભંગ પાડ્યો

ગાંધીનગર, તા. ૨૧

લગ્નોની સિઝન પુર બહારમાં ચાલી રહી છે ત્યારે જ કમોસમી વરસાદ ત્રાટકતા લગ્નના રંગમાં ભંગ પડયો હતો. ઘણાએ લગ્નના સ્થળો બદલ્યા હતા તો ઘણાએ કાર્યક્રમો ટુંકાવી દીધા હતા.

કમુરતા ઉતરતા જ લગ્નોની સિઝન શરુ થઈ ગઈ છે. હાલમાં ખુબ જ લગ્નો યોજાઈ રહ્યા છે. સોમવારે અને મંગળવારે ખુબ લગ્નો છે ત્યારે જ કમોસમી વરસાદ લગ્નમાં વિલન બન્યો હતો. લગ્નના મંડપ વરસાદી ઝાપટામાં ધોવાઈ ગયા હતા. કેટલાક લગ્ન સ્થળોમાં વરસાદી પાણી ભરાતા લગ્નોના આયોજનમાં વિક્ષેપ પડયો હતો. રીસેપ્શન સહિતના ઘણા લગ્નના કાર્યક્રમો ખુલ્લા પ્લોટ કે બગીચામાં યોજાયા હતા તે રદ કરીને રાતોરાત નવું સ્થળ નક્કી કરવું પડયું હતું. કમોસમી વરસાદે જેમના ઘરમાં લગ્ન હતા તેમને ઉચાટમાં રાખ્યા હતા.





(તસવીર : દિપક જાની)

# કમોસમી વરસાદથી નુકશાન નથી પણ રોગચાળાનો ભય ખેડૂતોને સતાવે છે

**ઘઉં, બટાટા, વરિયાળી અને શાકભાજીના પાકોમાં રોગચાળાનો ભય દેખાઈ રહ્યો છે**



ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લામાં થયેલા કમોસમી વરસાદને કારણે પાકને નુકશાનનો ભય નથી પરંતુ આ વાતાવરણ જો આગામી બે દિવસ સુધી યથાવત રહે તો રોગચાળાનો ભય ઉભો થઈ શકે છે.

ગઈ રાત્રે થયેલા કમોસમી વરસાદને કારણે બાગાયતી પાકોને થોડુ ઘણુ નુકશાન થવાનો અંદાજ જરૂર છે પરંતુ અન્ય પાકો જેવા કે ઘઉં, બાજરી, બટાટાને નુકશાન થવાનો કોઈ જ ભય નથી. જો કે વાદળછાયુ વાતાવરણ વધુ બે દિવસ સુધી રહે તો રવિ પાકોમાં રોગ અને જીવાતનો ભય ઉભો થઈ શકે છે.

જિલ્લા ખેતીવાડી તંત્રએ પણ પાકોમાં જો કોઈ રોગનો ભય દેખાય તો તાત્કાલિક ગ્રામસેવક, વિસ્તરણ અધિકારીનો સંપર્ક કરવા જણાવ્યું છે જેથી પાકને બચાવવા માટે શું પગલાં લેવા તે અંગેની કાર્યવાહી ખેડૂત કરી શકે.

મળતી વિગતો મુજબ વધારે પડતા ભેજવાળા વાતાવરણને કારણે ઘઉંના તેમજ બટાટાની ખેતીને સુકારાના રોગનો ભય રહેલો છે. ઘઉંના પાકમાં લીલી ઈયળના ઉપદ્રવની શક્યતાઓ પણ નકારી શકાય નહિ. આ ઉપરાંત ઘઉં તથા રાઈના પાકમાં મોલોમસીનો ઉપદ્રવ પણ થઈ શકે છે.

બટાટાના પાકમાં ભેજવાળા વાતાવરણના કારણે પાછોતરો સુકારો આવવાની શક્યતા રહેલી છે. આ ઉપરાંત વરસાદ પછી તુરત જ તાપમાનમાં વધારો થવાની સંભાવના હોઈ બટાટાના પાકમાં આગોતરો સુકારાનો રોગ આવવાનો ભય પણ છે.

વરિયાળીના પાકમાં પણ વરસાદ પછી તુરત જ તાપમાનમાં વધારો થવાની સંભાવના હોઈ પાકમાં ભૂરી છારોના રોગનો ઉપદ્રવ થવાની સંભાવના નકારી શકાય નહિ.

ખાસ કરીને ફૂલ બેસતા શાકભાજીના પાકોમાં પણ વરસાદ પછી તુરત જ તાપમાનમાં વધારો થવાની સંભાવના હોઈ શાકભાજીના પાકોમાં ચુસિયા પ્રકારની જીવાતોનો ઉપદ્રવ થવાની શક્યતાઓ છે.

આમ વરસાદ પછીના વાતાવરણમાં રોગચાળાનો ઉપદ્રવ થવાની સંભાવનાઓ જરૂર છે. તંત્રએ હાલતો નુકશાન થયાની વાતનો ઈન્કાર કરી રહ્યું છે.

## આઈ.એ.એસ.માં પસંદગી માટેની અરજી ૧૦મી સુધીમાં કરી શકાશે

ગાંધીનગર, તા.૨૧

રાજ્ય સરકાર દ્વારા રાજ્ય સેવાઓમાંથી આઈ.એ.એસ.માં પસંદગીથી નિમણૂંક સંદર્ભે પારદર્શક વ્યવસ્થા અમલમાં મુકવામાં આવી છે. વર્ગ-૧ના (GAS, GPS, GFS સિવાયના) અધિકારીઓ કે જેઓ ૧-૧-૨૦૧૩ની સ્થિતિએ ૫૪ વર્ષ કરતાં ઓછી વયના હોય અને વર્ગ-૧માં રૂા. ૧૫,૬૦૦-૩૯૧૦૦ ગ્રેડ પે રૂા. ૫૪૦૦ના પગાર ધોરણમાં ૮ વર્ષ કે તેથી વધુ સેવાઓ બજાવેલ હોય તેવા તમામ વર્ગ-૧ના અધિકારીઓ, જો તેઓ પસંદગીથી વર્ષ ૨૦૧૪માં ઉભી થનાર જગ્યાઓ સામે આઈ.એ.એસ. સંવર્ગમાં નિમણૂંક પામવા ઈચ્છતા હોય તો સામાન્ય વહીવટ વિભાગને ૧૦ ફેબ્રુઆરી, ૨૦૧૪ સુધીમાં અરજી કરવાની રહેશે. આ અરજીનો નમૂનો સામાન્ય વહીવટ વિભાગની વેબસાઈટ http://gad.gujarat.gov.in પર ઉપલબ્ધ છે, તેમ યાદીમાં જણાવાયું છે.





**ગુજરાત સરકારમાં નોકરી મેળવો..!**

ધો. 12 પાસ થી ગ્રેજ્યુએટ ઉમેદવારો માટે સોનેરી તક

વર્ષ 2014 માં 36000+ થી વધુ (વર્ગ 1/2/3)ની ભરતી!

90% થી વધુ પ્રશ્નો પૂછાવાની ગેરંટી પૂર્વકનું શિક્ષણ

20 વર્ષથી સ્પર્ધાત્મક પરિક્ષાઓની તૈયારી કરાવતી સંસ્થા...

**કોર્ષની વિશેષતાઓ**

વર્ગ 1/2ની (પ્રિલિમ માટે જ) Dy.S.P. / DC / મામલતદાર / TDO
- પરીક્ષા સુધીનો કોર્ષ (મહત્તમ ૬ માસ)
- Ph.D. કક્ષાના પ્રાધ્યાપકો દ્વારા શિક્ષણ
- તમામ વિષય, ટોપિક્સનું વિસ્તૃત શિક્ષણ
- હેતુલક્ષી પ્રશ્નો દ્વારા સફળ પરીક્ષ
- અંગ્રેજી / ગણિત વિષય પર વિશેષ ધ્યાન
- વર્ષ 2006-07 માં 98.2 (P/M/I) પરીણામ

વર્ગ-3 માં તલાટી / કલાર્ક / PSI / કોન્સ્ટેબલ
- પરીક્ષા સુધીનો કોર્ષ (મહત્તમ ૫ માસ)
- ગુજરાતી, અંગ્રેજી, ગણિત, બુદ્ધિ ચાતુર્ય કસોટી, GS, કોમ્પ્યુટરનું સંપૂર્ણ જ્ઞાન
- વર્ણનાત્મક, હેતુલક્ષી પ્રશ્નો દ્વારા સફળ પરીક્ષણ
- અંગ્રેજી, ગણિત વિષય પર વિશેષ ધ્યાન
- PSI/કોન્સ્ટેબલ માટે કાયદા નું વિશેષ શિક્ષણ

સંપૂર્ણ સાહિત્ય ફ્રી સાથેનો કોર્ષ

ENGLISH : Dr. U. Pandit (Ph.D.)
GUJARATI : Dr. N. Rana (Ph.D.) / N. Gajjar (M.Phil)
MATHS/REASONING : Mr. C. Prajapati / Mr. M. Patel
GS (સામાન્ય જ્ઞાન) : Mr. Mukesh Patel (CMD)
અન્ય પુનરાવર્તન માટે સહાયકો (ટેસ્ટ પરીક્ષણ માટે ખાસ) : Dr. B. Patel (Ph.D.), Mr. A. Patel (M.Pharm), Mr. G. Prajapati (M.Phil)

20 વર્ષથી સ્પર્ધાત્મક પરિક્ષાઓની તૈયારી કરાવતી સંસ્થા

**તા. 15-1-2014 થી નીચેની ફી લાગુ પડશે**

**વર્ગ (1/2) Dy.S.P. / DC / મામલતદાર / TDO** — ફી ₹ 41,000/-

| ગાંધીનગર શાખા માટે: બેચ શરૂ થવાની તારીખ | બેચનો સમય | ભણવાના દિવસ | મહેસાણા શાખા માટે: બેચ શરૂ થવાની તારીખ | બેચનો સમય | ભણવાના દિવસ |
|---|---|---|---|---|---|
| 18.1.2014 | બપોરના 3-00 થી 6-00 | શનિ / રવિ | 19.1.2014 | સાંજના 6-00 થી 9-00 | શનિ / રવિ |
| 23.1.2014 | સવારના 6-30 થી 8-00 | સોમ થી ગુરૂ | 15.2.2014 | સવારના 6-30 થી 8-00 | શનિ થી મંગળ |
| 13.2.2014 | સાંજના 7-00 થી 8-30 | સોમ થી ગુરૂ | | | |

**PSI ગાંધીનગર માટે ફક્ત** — ફી માત્ર ₹ 36,000/-

| બેચ શરૂ થવાની તારીખ | બેચનો સમય | ભણવાના દિવસ |
|---|---|---|
| 23.1.2014 | સાંજના 4-45 થી 6-45 | સોમ થી શુક્ર |

**વર્ગ-3 (માસ્ટર કોર્ષ) તલાટી / કલાર્ક / કોન્સ્ટેબલ** — ફી ₹ 28,000/-

| મહેસાણા શાખા માટે: બેચ શરૂ થવાની તારીખ | બેચનો સમય | ભણવાના દિવસ | ગાંધીનગર શાખા માટે: બેચ શરૂ થવાની તારીખ | બેચનો સમય | ભણવાના દિવસ |
|---|---|---|---|---|---|
| 21.1.2014 | બપોરના 2-00 થી 4-00 | સોમ થી મંગળ | 20.1.2014 | બપોરના 1-30 થી 3-00 | સોમ થી શુક્ર |
| 11.2.2014 | સાંજના 4-00 થી 6-00 | શનિ થી મંગળ | 09.2.2014 | સાંજના 6-00 થી 9-00 | શનિ / રવિ |

**TCCI EDUCATION PVT. LTD.**

૧૯ વર્ષથી નોકરી અંગેની ભરતી પરીક્ષાઓની તૈયારી કરાવતી સંસ્થા....

ગાંધીનગર - 9537614606, 9537546886
પ્લોટ 328/2, પ્રથમ માળ, ઘ-2 થી ચ-2ની વચ્ચે, દેના ગુજરાત ગ્રામીણ બેંક પાસે, સેકટર-7/A.
સંપર્ક : સોમ થી શનિ (સવારના 9.30 થી 4.30)

મહેસાણા - 9537614607
પ્રથમ માળ, ચિરાગ પ્લાઝા, આર્યન વર્લ્ડ વાઈડની બાજુમાં, માનવ આશ્રમ ચોકડી, વિસનગર રોડ.
સંપર્ક : સોમ થી શનિ (સવારના 9-30 થી 4)